# સીટી ઓફ બ્રેમ્પટન સુરક્ષિત અને અનુકૂળ કેશલેસ (રોકડરહિત) ચૂકવણીનો અમલ કરશે

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (જુલાઈ 3, 2020) – ગયા અઠવાડિયાની બેઠકમાં, બ્રેમ્પટન સીટી કાઉન્સિલે પોતાની પ્રક્રિયામાં અવિરત સુધારાઓ અને સુરક્ષા ઉપાયોના ભાગરૂપે પ્રોપર્ટી ટેક્સીસ (મિલકત વેરો) અને બિલ્ડિંગ ડિવિઝનની ફી માટે નવી કેશલેસ પેમેન્ટ (રોકડરહિત ચૂકવણી) પ્રક્રિયાને મંજૂરી આપી.

રહેવાસીઓ, ધંધાના માલિકો, અને કર્મચારીઓ વચ્ચે વધારે સુરક્ષિત નાણાકીય લેવડદેવડો માટે, જાન્યુઆરી 1, 2021 થી, સીટી મિલકત વેરો અને બિલ્ડિંગ ડિવિઝન ફી નીચેની પદ્ધતિઓ મારફતે ઉઘરાવવાનો અમલ કરશે, કારણ કે રોકડ ચૂકવણીઓ હવે પછી સ્વીકારવામાં આવશે નહીં:

- પ્રિ-ઓથોરાઈઝ્ડ (પહેલેથી અધિકૃત કરેલી) ચૂકવણીઓ
- ઓનલાઈન બેંકિંગ
- ફોન બેંકિંગ
- અંગત બેંકિંગ શાખાઓ મારફતે રૂબરૂમાં ચૂકવણીઓ
- રૂબરૂમાં ડેબિટ-કાર્ડ ચૂકવણીઓ
- રૂબરૂમાં ક્રેડિટ-કાર્ડ ચૂકવણીઓ (માત્ર બિલ્ડિંગ ફી માટે)

આ સમયે, યુવાનો અને વડીલો જેવા ઉંમર-સમૂહો માટે એક્સેસિબિલિટીની (પ્રવેશ સુલભતાની) ખાતરી કરાવવા, આ ફેરફારો અન્ય પ્રકારની યુઝર ફી, લાઈસન્સીસ અને ચાર્જીસ (દરો) માટેની ચૂકવણી પદ્ધતિઓને લાગુ પડશે નહીં. આમાં રિક્રિએશન (મનોરંજન), POA કોર્ટ ફી, પ્રાણી સેવાઓ અને પરફોર્મિંગ આર્ટ્સ માટેની ચૂકવણીઓ સામેલ છે.

આ શહેરને એક સુસંચાલિત અને આરોગ્યપ્રદ અને સુરક્ષિત શહેર બનાવવાની કાઉન્સિલની અગ્રતાઓને અનુરૂપ, રોકડરહિતની ચૂકવણીઓ લેવડદેવડો પૂરી કરવા માટે એક આધુનિક, અનુકૂળ અને સુરક્ષિત રીત પૂરી પાડે છે.

**બેકગ્રાઉન્ડ (પશ્ચાદભૂ)**

- રોકડ રકમને ચૂકવણીની પદ્ધતિ તરીકે મેળવવાથી સંખ્યાબંધ પડકારો ઊભા થાય છે જેમ કે ચોરી અને લૂંટ થવાનું જોખમ, નકલી નોટ સ્વીકારવાનું જોખમ, અને ચલણની ભૌતિક સ્વરૂપે હાથોહાથ હેરફેર સાથે સંકળાયેલી આરોગ્યલક્ષી ચિંતાઓ.
- મિલકત માલિકોની બહુ નાની ટકાવારી રોકડ રકમથી ચૂકવણી કરતી હોય છે – મોટાભાગની ચૂકવણીઓ પ્રિ-ઓથોરાઈઝ્ડ ટેક્સ પેમેન્ટ્સ (PTP), ઓનલાઈન બેંકિંગ, ટેલિફોન બેંકિંગ, ચેક કે ઈલેક્ટ્રોનિક ફંડ ટ્રાન્સફર (EFT) સ્વરૂપે કરવામાં આવે છે. આવું જ વલણ બિલ્ડિંગ ડિવિઝનની ફી માટે રોકડ ચૂકવણીમાં પણ જોવામાં આવ્યું છે.

-30-

**મિડિયા સંપર્ક :**
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રેમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca